# સેક્ટર -૧૬,૨૦,૨૨,૨૮,૨૯,૩૦ રંગમંચ વાપરવા માટેના નિયમો

1. રંગમંચ માં વપરાશનો સામાન્ય સમય સવારના ૭-૦૦ કલાક થી બીજા દિવસે સવારે ૬.૩૦ સુધીનો રહેશે.

2. એડવાન્સ બુકીંગ ચાર કેલેન્ડર માસ અગાઉ માસનાં પહેલા સપ્તાહમાં કરવામાં આવશે એટલે કે નવેમ્બર માસનું બુકિંગ જુલાઈ માસના પહેલા સપ્તાહમાં ડીસેમ્બર માસનું બુકીંગ ઓગસ્ટ પહેલા સપ્તાહમાં અને જાન્યુઆરી માસનું બુકીંગ સપ્ટેમ્બર માસના પહેલા સપ્તાહમાં થઈ શકશે.

3. એક સમયે એક તારીખ માટે એક કરતા વધારે અરજી આવે તો ડ્રો દરેક અરજદાર ની સામે મહાનગરપાલીકા ની મુખ્ય કચેરી એ કરવામા આવશે અને ડ્રો મુજબ થયેલ ફાળવણી જે તે અરજદારે માન્ય રાખવાનું રહેશે. અરજદારે અરજી સાથે ભાડા તથા ડીપોઝીટ ની રકમ નો ડીમાન્ડ ડ્રાફ્ટ અથવા રોકડ આપવાની રહેશે પછી જ અરજદાર ડ્રો માં ભાગ લઈ શકશે.

4. રંગમંચનો ડ્રો ઉપર મુજબ ચાર માસ અગાઉ મહિના ની ૮ તારીખ ના દિવસે સવારે ૧૨ કલાકે કરવામાં આવશે. બાકી ના દિવસો નું બુકિંગ મ`હિનાની તારીખ ૮ પછી ગમે ત્યારે સવારે ૧૧.૦૦ કલાક થી બપોરે ૨.૦૦ કલાક દરમિયાન કરી શકાશે.

5. કરેલ બુકિંગ કેન્સલ કરવા માટે ભાડા ની રકમ માંથી નીચે મુજબ ની કપાત કરવામાં આવશે.
   (૧) ૬૧ દિવસ થી ૧૨૦ દિવસ ની અંદર ૨૫%.
   (૨) ૩૧ દિવસ થી ૬૦ દિવસ ની અંદર ૫૦%.
   (૩) ૦૧ દિવસ થી ૩૦ દિવસ ની અંદર ૭૫%.

6. રંગમંચ માં ગરબા/મ્યુઝીકલ કાર્યક્રમ માટે બિન- ધંધાકીય હેતુ માટે ભરેલ ભાડાનાં ૫૦% મુજબ અલગથી નાણાં ભરવાના રહેશે.

7. રંગમંચ માં ગરબા/ મ્યુઝીકલ કાર્યક્રમ માટે ધંધાકીય હેતુ માટે ભરેલ ભાડાનાં ત્રણ ગણા મુજબ અલગથી નાણાં ભરવાના રહેશે.

8. વહીવટી ચાર્જ રૂ.૨૦૦૦/- એક દિવસ નો ભરી રંગમંચ નો કબજો સવારે ૭.૦૦ વાગે મેળવવાનો રહેશે.

9. રંગમંચ ના મેદાન માં કે લોન ના ગ્રાઉન્ડ માં ખોદકામ કે સ્ટેજ બનાવી શકાશે નહિ.

10. સ્ટેજ માટે રંગમંચ માં હયાત સ્ટેજ નો જ ઉપયોગ કરવાનો રહેશે.

11. સ્ટેજ ની દીવાલો કે ફર્શ પર બેનર કે ખીલી લગાવી શકાશે નહિ.

12. રંગમંચ માં આવેલા સોફા ને વાપરનારે જાતે જ ગોડાઉન માંથી લેવા પડશે અને પ્રસંગ પૂરો થયા પછી જાતે જ ત્યાં જમા કરાવવાના રહેશે.

13. રંગમંચ માં આવેલા સોફા ને રંગમંચ ની બહાર લઈ જવા દેવામાં આવશે નહિ.

14. રંગમંચ આવેલા ૨ રૂમ માંથી માં એક જ રૂમ ફાળવવામાં આવશે. બીજો રૂમ ઓફીસ અને સર્વર રૂમ હોવાથી કોઈપણ હિસાબે ફાળવવામાં આવશે નહિ.

15. રંગમંચ અરજદારે જમણવાર માટે કે પીવાના પાણી કે ચા-કોફી વગેરે માટે પ્લાસ્ટિકના પ્લેટ, ડીશ, કપ, ગ્લાસ, વાટકા, વગેરે નો ઉપયોગ કરી શકાશે નહિ. અને જમણવાર પત્યા પછી બાકી રહેલ એઠવાડ અને ગંદવાડ જેમ કે ડીશ, પ્લેટ, કપ અને ગ્લાસ વગેરે જેવી અન્ય વસ્તુઓ ની સફાઈ કરી ને ડસ્ટબીન માં નાંખવાની રહેશે.

16. રંગમંચ ના મેદાન માં ફુવારા લગાવેલા હોય તેની આજુબાજુમાં કોઈપણ જાત નું કામ કરી શકાશે નહિ.

17. રંગમંચ વાપરનારે રંગમંચ ની કોઈપણ વસ્તુ નું નુકશાન કરવું નહિ. જો કોઈ વસ્તુ ને નુકશાન કરેલ હશે તો તે વસ્તુ ની બજારભાવ કિંમત મુજબ રૂપિયા વસુલ કરવામાં આવશે. આ ઉપરાંત રંગમંચ વાપરનારે તેઓનો પ્રસંગ પૂર્ણ થતા એઠવાડનો નિકાલ ગટર લાઈનમાં ન કરતા આ માટે અલગ ડસ્ટબિન રાખી ડોર ટુ ડોર કચરો એકત્ર કરતા વાહનને આપવા અને ડીશો વગેરેનો નિકાલ કરવા તેઓએ પોતાના ડસ્ટબિન રાખવા તેમજ તે એકઠો થયેલ એઠવાડ, કચરાને રંગમંચમાં આવેલા રસોડાની પાછળ રાખવામાં આવેલ મોટી કચરાની પેટી માં નાખવાનું રહેશે. જો આ બાબતે કસુર થયે તેઓની ડીપોઝીટ માંથી વહીવટી ચાર્જ પેટે રૂ.૩૦૦૦/- વસુલાત કરવામાં આવશે.આ બાબત ની બાંહેધરી રૂ.૫૦/- ના સ્ટેમ્પ પર બૂકિંગ કરનારે લેખિત માં આપવાની રહેશે.

18. બુકિંગ કરેલ રંગમંચ સરકારી કામે જરૂરિયાત ઉપસ્થિત થયેથી કોઈપણ જાત ની નોટીસ કે જાણ કર્યા સિવાય બુકિંગ રદ કરવાના અધિકારો ગાંધીનગર મહાનગર પાલિકા ને અબાધિત છે.

19. કમ્પાઉન્ડમાં આવેલ બગીચામાંથી કોઈપણ જાત ના ફૂલ કે છોડ વગેરે લેવા કે તોડવા નહિ.

20. રૂમ ની અંદર પ્રાઈમસ તથા ગેસ સળગાવી રસોઈ કરવા દેવામાં આવશે નહિ.

21. રંગમંચ માં વપરાયેલ વીજળી બળતણ અને ગેસ બળતણ નું બીલ વાપરનારે ભરવાનું રહેશે.

22. રંગમંચ માં વાપરનાર ને કોઈપણ જાત ની ગેરકાયદેસર પ્રવુતિ કરવા દેવામાં આવશે નહિ.

23. રંગમંચ માં રસોઈ બનાવનારને માંસ,માછલી વગેરે માંસાહારની કાપકૂપ કરવા દેવામાં આવશે નહિ કે માંસાહાર પીરસવા દેવામાં આવશે નહિ.

24. આઈ.ડી. પ્રૂફ ની ઝેરોક્ષ રૂ.૫૦/- ના સ્ટેમ્પ ની સાથે આપવાની રહેશે.

25. રંગમંચ માં લગાવેલા CCTV ના ફૂટેજ ની કોપી મળશે નહિ તો કોઈપણ બુકિંગ કરનારે માંગવી નહિ.

26. રંગમંચ માં કાર્યક્રમ અંગે જરૂરી સરકારી લાયસન્સ મેળવવાની જવાબદારી જે તે જગ્યાનાં વપરાશકર્તા અરજદારશ્રીની રહેશે. જેમાં કસુર થયે જે કોઈ સરકારી કાયદાકીય પરિસ્થિતિ થશે તેની જવાબદારી ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની રહેશે નહિ.

27. રંગમંચ બુકીંગ કરાવનાર અરજદારશ્રી સિવાય અન્ય કોઈ બીજી વ્યક્તિને મ્યુનિસિપલ કોર્પોરેશનની જગ્યાનો વપરાશ કરવા માટે આપી શકાશે નહી. જો તપાસ સમયે અન્યને ઉપયોગ કરવા આપેલ માલુમ પડશે તો બુકીંગ કરાવનાર અરજદારશ્રીની ભરેલ ડીપોઝીટ જપ્ત કરી તાત્કાલિક અસરથી કાર્યક્રમ બંધ કરાવી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દંડનીય કાર્યવાહી કરવામાં આવશે.

28. રંગમંચ માં મ્યુનિસિપલ અધિકારીશ્રીઓ જયારે પણ ઈન્સ્પેકશન કે, કોઈપણ કારણોસર હોલમાં દાખલ થાય તો તેમને સહકાર આપવાનો રહેશે.

29. રંગમંચ ની જગ્યામાં કોઈપણ જાતની ગંદકી થાય તે રીતેઉપયોગ કરવો નહી, જે તે જગ્યા ભાડે રાખનારે પ્રોગ્રામ પૂર્ણ થયાબાદ દરેક જગ્યાએ સાફસુફ કરાવીને સિક્યોરીટી ગાર્ડને બતાવીને ચાર્જ સોપવાનો રહેશે.

30. કમ્પાઉન્ડમાં આવેલ બગીચામાંથી કોઈપણ જાતના છોડ કે ફુલ વિગેરે લેવા કે તોડવા નહી.

31. બુકીંગ કરાવનાર અરજદારે અન્ય કામ કરનાર સ્ટાફ પાસેથી કોઈ કામ લેવું નહી. તેમજ કોઈ કામ બતાવવું નહી તેમજ કોઈ જાતનું અસભ્ય વર્તન કરવું નહી તથા તેમને કોઈ મહેનતાણું કે બક્ષીસ આપવી નહી.

32. જો રંગમંચ નું બુકીંગ કરાવેલ તારીખે રંગમંચનો ઉપયોગ કરવાનો ન હોય તો વપરાશના ચોખ્ખા સાત દિવસ અગાઉ બુકીંગની તારીખ બદલવા માટે નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકા ને અરજી કરે થી રૂ. ૫૦૦/- તારીખ બદલવા માટે ની ફી લઈ અને જો નવી તારીખે રંગમંચ નું બુકિંગ થયેલ નહિ હોય તો એકવાર તારીખ બદલી આપવામા આવશે.

33. લાઉડસ્પીકર રંગમંચની બહાર મૂકી વગાડી શકાશે નહી. ફક્ત રંગમંચની અંદર વગાડવા દેવામાં આવશે.તે માટે લાયસન્સ મેળવવાની જવાબદારી જે તે જગ્યાનાં વપરાશકર્તા અરજદારશ્રીની રહેશે. જેમાં કસુર થયે જે કોઈ સરકારી કાયદાકીય પરિસ્થિતિ થશે તેની જવાબદારી ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની રહેશે નહિ.

34. કોઈપણ બાબતે વાદ વિવાદ થાય તો કમિશ્નનરશ્રી, ગાંધીનગર મહાનગરપાલીક નો નિર્ણય આખરી ગણાશે.

## રૂ.૫૦ ના સ્ટેમ્પ પર નીચે મુજબ નું સોગંધનામુ કરવું.

"આથી હું નીચે સહી કરનાર શ્રી_____________________________________________

ઉમર ___ ધંધો_______________________રહેવાસી ________________________________________________

સોગંધનામાં પર જાહેર કરીએ છીએ કે અમોએ ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સંચાલિત સેક્ટર-______ નો રંગમંચ તા.__________ ના રોજ બૂક કરાવેલ છે. અમારા પ્રસંગ દરમિયાન અમારા વપરાશથી રંગમંચ ને કોઈપણ વસ્તુનું જે કાઈ પણ નુકશાન થશે તો તેના બજારભાવ ની કીંમત મુજબ રૂપિયા ભરવા અમો બાંહેધરી આપીએ છીએ તેમજ રંગમંચના વપરાશ પછી રંગમંચમાં કરેલ જમણવાર, નાસ્તો વગેરેનો એઠવાડ, ખાલી પ્લેટ, ગ્લાસ, ડીશ વગેરેને ત્યાં મુકવામાં આવેલ ડસ્ટબિન માંજ નાખીશું જો આ બાબતે અમારા દ્વારા કસુર થયે અમારી ડીપોઝીટ માંથી નિયમોનુસાર જે કપાત ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવશે તે અમોને મંજુર રહેશે. તે આ સોગંધનામાં થી અમો જાહેર કરીએ છીએ."

ઉપર નું સોગંધનામું સાચું અને ખરું છે, ખોટું સોગંધનામું કરવું તે ગુન્હો બને છે. તે અમો જાણીએ છીએ.